<u>**આંક : ૫ લગત હુકમ**</u>

**૧.** વાદીની કામ ચલાઉ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ કુટુંબીજનો છે. વાદી નં.૨, વાદી નં.૧ ના માતા થાય છે. જયારે, વાદી નં.૩ મોટાભાઈ અને વાદી નં.૪ થી ૬ સગી બહેનો થાય છે. વાદી નં.૭ કાકાનો દિકરો અને વાદી નં.૮, ૯ કાકાની દિકરીઓ થાય છે અને વાદીઓ તમામના વહીવટકર્તા છે. ગામ પીપળાતામાં બ્લોક/સર્વે નં.૧૬૧૭, ક્ષેત્રફળ ૦–૪૬–૫૪ વાળી ખાતા નં.૬૬૦ વાળી આકાર રૂા.૯.૫૬ ની જુની શરતની જમીન આવેલ છે, જેના કાયદેસરના માલિક અને કબજેદારો વાદી છે. (જેને હવે પછી દાવાવાળી મીલકત તરીકે સંબોધવામાં આવશે.)

**૧.૧.** વાદીનુ વધુમાં કથન છે કે, સદરહુ દાવાવાળી જમીનના અસલ માલિકો વાદીઓના વડવાઓ મગનભાઈ ભવાનીશંકર હરીપ્રસાદ શંકરલાલ અને રતીલાલ શંકરલાલ હતા. વાદીઓના માલિકી હકક વાળી ખેતીની જમીનમાં પ્રતિવાદી નં.૧, ૨ નાએ ગેરકાયદેસર નોંધ દાખલ કરાવીને પ્રતિવાદી નં.૩–એ, થી ૩–સી ના નામો ખોટા ઘુસાડી દીધેલ છે, જે તમામ પ્રતિવાદીઓનુ ગેરકાયદેસરનુ કૃત્ય છે. પ્રતિવાદી નં.૩ ગુજરનાર જનુભાઈ ડાહયાભાઈ પટેલ જાતે કે તેમના વારસો આ દાવાવાળી જમીનના માલિકો કયારેય હતા નહી. વાદીઓના પુર્વજોએ જમીન કયારેય પ્રતિવાદી નં.૩ કે પ્ર તિવાદી નં.૩ ના પુર્વજોને વેચાણ કે ટ્રાન્સફર કરી નથી. વાદી બ્રાહમણ સભ્યોની જમીનમાં પ્રતિવાદી નં૩ પટેલ સભ્યોના નામ અયોગ્ય રીતે દાખલ કરેલા છે.

**૧.૨.** વાદીનુ વધુમાં કથન છે કે, દાવાવાળી જમીનના મુળ સર્વે નં.૭૮૨/૧/અ ૦–૨૪, ૭૮૨/૧/બ ૦–૦૩, ૭૮૨/૨ ૦–૧૯ ગુંઠા વાળી જમીનના માલિકો મગનભાઈ ભવાનીશંકાર, હરીપ્રસાદ શંકરલાલ અને રતીલાલ શંકરલાલનાઓ હતા, જે જમીન એકત્રીકરણ કરી, નવો સર્વે નં.૧૬૧૭ આપવામાં આવેલ. જે જમીનમાં ફેરફાર નોંધ નં.૫૮૮૯ અને ૧૬૭૫ અયોગ્ય રીતે દાખલ થયેલ છે.

**૧.૩.** વાદીનુ વધુમાં કથન છે કે, દાવાવાળી જમીનના માલિક પ્રતિવાદી નં.૩ એ થી સી નાઓ નથી. ગુજરનાર જનુભાઈ ડાહ્યાભાઈ પટેલના વારસો તરીકે ફ્રોડ કરી, નામ ઘુસાડવામાં આવેલ છે અને તેની વારસાઈ કરી, જે જમીનના માલિક ગુજરનાર જનુભાઈ ડાહ્યાભાઈ પટેલનાઓ નથી તેઓને બતાવવામાં આવેલ છે. જે માલિકી જાહેર કરવાનો પ્રતિવાદી નં.૧ અને ૨ સક્ષમ ઓથોરીટીઓનો કાયદાનુસાર અધિકાર નથી કે, પ્રતિવાદી નં.૩ નાઓ કાયદેસરના માલિક હોવાને હકકદાર નથી. આમ, વાદીઓને હાલનો દાવો કરવા માટેનુ કારણ ઉભુ થતા, વાદીઓએ દાવો દાખલ કરી, કામચલાઉ મનાઈ હુકમની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે અરજ, વિનંતી કરેલ છે.

**૨.** વાદીઓએ દાવો તથા કામચલાઉ મનાઈ હુકમની અરજી દાખલ કરતા પ્રતિવાદીઓને દાવાનો સમન્સ તથા કામચલાઉ મનાઈ હુકમની અરજી સંદર્ભે નોટીસની બજવણી થયેલ છે. પરંતુ, પ્રતિવાદી નં.૧, ૨ નાઓ હાલના દાવા કામે હાજર થયેલા

નથી. જેથી, પ્રતિવાદી નં.૧, ૨ તરફે દાવાની ઈન્સાફી કાર્યવાહી એકતરફી ચલાવવનો હુકમ કરવામાં આવેલ છે. જયારે, પ્રતિવાદી નં.૩ એ થી સીનાઓ તેઓના વિ.વ.શ્રી. મિતુલ એન.ભટ્ટનાઓ મારફતે હાજર થયેલા છે.

૩. પ્રતિવાદી નં.૩ તરફે વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ હુકમની અરજી વિરૂધ્ધ લેખિત વાંધા જવાબ આંક–૧૫ થી રજુ કરેલ છે. જેમાં, વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરી, પ્રતિવાદી નં.૩ ધ્વારા એવી તકરાર લેવામાં આવેલ છે કે, દાવાવાળી જમીન બ્લોક/સર્વે નં.૧૬૧૭, ખાતા નં.૬૬૦, ક્ષેત્રફળ ૦–૪૬–૫૪, આકાર રૂા.૯.૫૬ જુની શરતવાળી જમીન બ્લોક/સર્વે નં.૭૮૨/૧/અ તથા ૭૮૨/૧/બ તથા ૭૮૨/૨ ના એકત્રીકરણ કર્યા બાદ નવા બ્લોક/સર્વે નં.૧૬૧૭ થી બનેલ છે. સદરહુ, ત્રણેય જમીનો પ્રતિવાદી નં.૩ એ થી સીના વડીલ ઝવરભાઈ અજુનભાઈના કાયદેસરના માલિકી હકક ભોગવટાની આવેલ હતી. સદરહુ, જમીન તેમના અવસાન બાદ વારસાઈ હકકેથી તેમના પુત્ર છોટાભાઈ તેમજ નારણભાઈનાઓને પ્રાપ્ત થેલ અને તેમના અવસાન બાદ સદર જમીન વારસાઈ હકકેથી રેવન્યુ રેકર્ડના ૧૯૮૧ ના ફેરફાર નોંધ નં.૨૩૨૦ થી છોટાભાઈ ઝવરભાઈનુ તા.૧૪/૦૭/૧૯૪૧ ના રોજ અવસાન થતા તેમના દિકરા ડાહયાભાઈ છોટાભાઈનું નામ દાખલ અને તેમના અવસાના બાદ સને–૧૯૭૮ ના ફેરફાર નોંધ નં.૫૮૮૯ થી તેમજ ફેરફાર નોંધ નં.૧૬૭૫ ના કાયદેસરના વારસાઈ અધિકારથી પ્રાપ્ત થયેલ છે અને પ્રતિવાદી નં.૩/એ થી ૩/સી

નાઓનુ નામ કાયદેસર માલિક હકક કબજેદારમાં દાખલ થયેલ છે અને પ્રતિવાદીઓનો કાયદેસરનો કબજો ભોગવટો આવેલ છે. પ્રતિવાદીઓ જમીનના મહેસુલ પણ ભરતા હોવા છતાં વાદીઓએ રેવન્યુ રેકર્ડ ઓથોરીટી તરફથી શરતચુકથી ફેરફાર નોંધ નં.૩૩૫૫ કે જે માત્ર સર્વે નં.૭૮૨/૧/અ વાળી જમીનમાં ભુલથી કે ભ્રષ્ટાચારથી પોતાની વારસાઈની નોંધ કરાવેલ છે. જેનો આધાર લેખ સદર દાવો દાખલ કરી, કાયદાનો દુરઉપયોગ કરી જમીન પચાવી પાડવાનો દાવો દાખલ કરેલ છે. જે તદ્દન ગેરકાયદેસર અને અશુધ્ધ ઈરાદા વાળા હોઈ, ખર્ચ સાથે રદ થવાને પાત્ર છે.

**૩.૧.** પ્રતિવાદી નં.૩ તરફે વધુમાં એવી તકરાર લેવામાં આવેલ છે કે, વાદગ્રસ્ત જમીનમાં વાદીઓએ પોતાની વારસાઈ વાળી ફેરફાર નોંધ નં. ૨૩૪૧ અને ૨૫૩૨ ની નોંધો કયા અધિકારથી, પ્રતિવાદીની બ્લોક/સર્વે નં.૧૬૧૭ માં કરાવેલ છે, તેનો કોઈ રેવન્યુ રેકર્ડ ઉપરનો ઈતિહાસ કે આધાર પુરાવો મળતો નથી. રેવન્યુ રેકર્ડમાં થયેલ ક્ષતિ અથવા ભ્રષ્ટાચારના કારણે પડેલ ફેરફાર નોંધ નં.૨૩૪૧ અને ૨૫૩૨ નો આધાર લઈ, ગેરકાયદેસરનો દાવો લઈ તથા કામચલાઉ મનાઈ હુકમની અરજી દાખલ કરેલ છે. જે, ખર્ચ સાથે રદ કરવા અરજ, વિનંતી કરેલ છે.

**૪.** પ્રતિવાદી નં.૩ ના વાંધા જવાબ વિરૂઘ્ધ વાદી તરફે આંક–૧૯ થી રીજોઈન્ડર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં, પ્રતિવાદી નં.૩ ના જવાબ તથા હકીકતનો ઈન્કાર કરવામાં આવેલ છે.

૫. વાદીએ આંક–૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજીની હકીકતોના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

## ૫.૧. દસ્તાવેજી પુરાવાઓ :–

| અ.નં | નિશાની | દસ્તાવેજી પુરાવા | તારીખ |
|---|---|---|---|
| ૧ | ૩/૧ | વાદીની મીલકતના પીપળાતાના સર્વે નં.૧૬૧ ૭ ની ૭/૧૨ ની પ્રમાણીત નકલ | ૨૬/૦૩/૨૦૧૯ |
| ૨ | ૩/૨ | વાદીની મીલકતના પીપળાતાના સર્વે નં.૧૬૧ ૭ ની ૮/અ ની પ્રમાણીત નકલ | ૨૬/૦૩/૨૦૧૯ |
| ૩ | ૩/૩ | વાદીની મીલકતના પીપળાતાના સર્વે નં.૧૬૧ ૭ ની ૭/૧૨ ની ૧૯૫૧ થી ૧૯૯૫ ની પ્રમાણીત નકલ | ૨૬/૦૩/૨૦૧૯ |
| ૪ | ૩/૪ | વાદીની મીલકતના પીપળાતાના સર્વે નં.૧૬૧ ૭ ની ૭/૧૨ ની ૧૯૯૫ થી ૨૦૦૪ ની પ્રમાણીત નકલ | ૧૨/૦૨/૨૦૧૯ |
| ૫ | ૩/૫ | વાદીની મીલકતના પીપળાતાના હકકપત્ર નમુના નં.૬ ના ફેરફાર નં.૫૮૫૯ ની પ્રમાણીત નકલ | ૨૬/૦૩/૨૦૧૯ |
| ૬ | ૩/૬ | વાદીની મીલકતના જુના સર્વે નં.૭૮૨/૧/અ, ૭૮૨/૧/બ, ૭૮૨/૨ એકત્રીકરણની પ્રમાણીત નકલ | ૨૬/૦૩/૨૦૧૯ |
| ૭ | ૩/૭ | વાદીએ પ્રતિવાદીઓને વકીલશ્રી મારફતે પાઠવેલ સ્ટેચ્યુટરી લીગલ નોટીસની સ્થળપ્રત અસલ | ૦૮/૦૭/૨૦૧૯ |
| ૮ | ૩/૮ | નોટીસ રજીસ્ટર કર્યા બાબતની ત્રણ અસલ આર.પી.એડીની વિન્ડો સ્લીપ | ૦૮/૦૭/૨૦૧૯ |
| ૯ | ૩/૯ | પ્રતિવાદી નં.૧ ને નોટીસ બજવણીની એકનોલેજમેન્ટ અસલ | ૦૯/૦૭/૨૦૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૩/૧૦ | પ્રતિવાદી નં.૨ ને નોટીસ બજવણીની એકનોલ ેજમેન્ટ અસલ | ૦૯/૦૭/૨૦૧૯ |
| ૧૧ | ૩/૧૧ | પ્રતિવાદી નં.૩ ને નોટીસ બજવણીની એકનોલ ેજમેન્ટ અસલ | ૦૯/૦૭/૨૦૧૯ |
| ૧૨ | ૩/૧૨ | પ્રતિવાદી નં.૧ ના એ આપેલ જવાબની અસલ | ૨૦/૦૭/૨૦૧૯ |
| ૧૩ | ૩/૧૩ | પ્રતિવાદી નં.૨ ના એ આપેલ જવાબની અસલ | ૦૫/૦૯/૨૦૧૯ |
| ૧૪ | ૩/૧૪ | વાદીની મિલકતના પીપળાતાના હકકપત્ર નમુનો ૬ ના ફેરફાર નં.૧૬૭૫ ની પ્રમાણીત નકલ | ૨૬/૦૩/૨૦૧૯ |
| ૧૫ | ૩/૧૫ | વાદીના ઓથોરીટી પત્રની અસલ | – |

૬. પ્રતિવાદી નં.૩ તરફે પોતાના સમર્થનમાં આંક–૨૬ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ છે.

## ૬.૧. <u>દસ્તાવેજી પુરાવાઓ</u> :–

| અ.નં | નિશાની | દસ્તાવેજી પુરાવા | તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨૬/૧ | પીપળાતાના હકકપત્ર નમુના નં.૬ ના ફેરફાર નં.૨૩૨૦ ની નકલ | ૦૨/૦૩/૧૯૪૨ |
| ૨ | ૨૬/૨ | પીપળાતાના હકકપત્ર નમુના નં.૬ ના ફેરફાર નં.૩૫૫૫ ની નકલ | ૦૮/૦૭/૧૯૫૬ |
| ૩ | ૨૬/૩ | પીપળાતાના હકકપત્ર નમુના નં.૬ ના ફેરફાર નં.૬૧૩૩ ની નકલ | ૦૮/૧૨/૧૯૭૯ |
| ૪ | ૨૬/૪ | પીપળાતાના હકકપત્ર નમુના નં.૬ ના ફેરફાર નં.૧૪૫૨ ની નકલ | ૦૪/૧૨/૨૦૦૧ |
| ૫ | ૨૬/૫ | પીપળાતાના હકકપત્ર નમુના નં.૬ ના ફેરફાર નં.૧૬૭૫ ની નકલ | ૨૫/૦૬/૨૦૦૭ |
| ૬ | ૨૬/૬ | સર્વે નં. ૧૬૧૭ વાળા ઈન્ડેક્ષની નકલ | ૧૩/૦૬/૨૦૧૯ |
| ૭ | ૨૬/૭ | બીન અવેજી હકક કમીનો દસ્તાવેજ | ૧૩/૦૬/૨૦૧૯ |

૭. વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજીના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: <u>મુદ્દાઓ</u> ::

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, જો તેઓના કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઈ ન થાય તેવુ નુકશાન જાય તેમ છે ?

૪. શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક કારણો તથા તારણો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪. આખરી હુકમ મુજબ

-:: <u>કારણો</u> ::-

૯. ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય, દસ્તાવેજી પુરાવાનુ પુનરાવર્તન ન થાય તે હેતુથી સરળતા ખાતર મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૧ થી ૩ :–**

**૧૦.** વાદી તરફે વિ.વ.શ્રી ડી.કે.ઠાકરનાઓએ લંબાણ પુર્વકની લેખિત દલીલ રજુ કરેલ છે. જે મુજબ, ટુંકમા મહત્વની દલીલ એવી છે કે, વાદીઓ કુટુંબીજનો છે. વાદી નં.૨, વાદી નં.૧ ના માતા થાય છે. જયારે, વાદી નં.૩ મોટાભાઈ અને વાદી નં.૪ થી ૬ સગી બહેનો થાય છે. વાદી નં.૭ કાકાનો દિકરો અને વાદી નં.૮, ૯ કાકાની દિકરીઓ થાય છે અને વાદીઓ તમામના વહીવટકર્તા છે. ગામ પીપળાતામાં બ્લોક/સર્વે નં.૧૬૧૭, ક્ષેત્રફળ ૦–૪૬–૫૪ વાળી ખાતા નં.૬૬૦ વાળી આકાર રૂા.૯.૫૬ ની જુની શરતની જમીન આવેલ છે, જેના કાયદેસરના માલિક અને કબજેદારો વાદી છે.

**૧૦.૧.** વાદી તરફે વિ.વ.શ્રીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, સદરહુ દાવાવાળી જમીનના અસલ માલિકો વાદીઓના વડવાઓ મગનભાઈ ભવાનીશંકર હરીપ્રસાદ શંકરલાલ અને રતીલાલ શંકરલાલ હતા. વાદીઓના માલિકી હકક વાળી ખેતીની જમીનમાં પ્રતિવાદી નં.૧, ૨ નાએ ગેરકાયદેસર નોંધ દાખલ કરાવીને પ્રતિવાદી નં.૩–એ, થી ૩–સી ના નામો ખોટા ઘુસાડી દીધેલ છે, જે તમામ પ્રતિવાદીઓનુ ગેરકાયદેસરનુ કૃત્ય છે. પ્રતિવાદી નં.૩ ગુજરનાર જનુભાઈ ડાહયાભાઈ પટેલ જાતે કે તેમના વારસો આ દાવાવાળી જમીનના માલિકો કયારેય હતા નહી. વાદીઓના પુર્વજોએ જમીન કયારેય પ્રતિવાદી નં.૩ કે પ્રતિવાદી નં.૩ ના પુર્વજોને વેચાણ કે ટ્રાન્સફર કરી નથી. વાદી બ્રાહમણ સભ્યોની જમીનમાં પ્રતિવાદી નંં૩ પટેલ સભ્યોના

નામ અયોગ્ય રીતે દાખલ કરેલા છે.

**૧૦.૨.** વાદી તરફે વિ.વ.શ્રીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, દાવાવાળી જમીનના મુળ સર્વે નં.૭૮૨/૧/અ ૦–૨૪, ૭૮૨/૧/બ ૦–૦૩, ૭૮૨/૨ ૦–૧૯ ગુંઠા વાળી જમીનના માલિકો મગનભાઈ ભવાનીશંકાર, હરીપ્રસાદ શંકરલાલ અને રતીલાલ શંકરલાલનાઓ હતા, જે જમીન એકત્રીકરણ કરી, નવો સર્વે નં.૧૬૧૭ આપવામાં આવેલ. જે જમીનમાં ફેરફાર નોંધ નં.૫૮૮૯ અને ૧૬૭૫ અયોગ્ય રીતે દાખલ થયેલ છે.

**૧૦.૩.** વાદી તરફે વિ.વ.શ્રીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, દાવાવાળી જમીનના માલિક પ્રતિવાદી નં.૩ એ થી સી નાઓ નથી. ગુજરનાર જનુભાઈ ડાહ્યાભાઈ પટેલના વારસો તરીકે ફ્રોડ કરી, નામ ઘુસાડવામાં આવેલ છે અને તેની વારસાઈ કરી, જે જમીનના માલિક ગુજરનાર જનુભાઈ ડાહ્યાભાઈ પટેલનાઓ નથી તેઓને બતાવવામાં આવેલ છે. જે માલિકી જાહેર કરવાનો પ્રતિવાદી નં.૧ અને ૨ સક્ષમ ઓથોરીટીઓનો કાયદાનુસાર અધિકાર નથી કે, પ્રતિવાદી નં.૩ નાઓ કાયદેસરના માલિક હોવાને હકકદાર નથી. આમ, વાદીઓને હાલનો દાવો કરવા માટેનુ કારણ ઉભુ થતા, વાદીઓએ દાવો દાખલ કરી, કામચલાઉ મનાઈ હુકમની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે અરજ, વિનંતી કરેલ છે.

**૧૦.૪.** વાદી તરફે વિ.વ.શ્રીએ પોતાની મૌખિક દલીલમાં આંક–૩ ના લીસ્ટથી

રજુ કરેલ રેવન્યુ રેકર્ડ તથા ફેરફાર નોંધ વંચાણે લઈ, દલીલ કરેલ છે કે, પ્રતિવાદીની ફેરફાર નોંધ ગેરકાયદેસર રીતે પાડવામાં આવેલ છે. દાવાવાળી જમીનના વાદીઓ કાયદેસર રીતે પેઢીઓથી માલિક હકક ભોગવતા આવેલા છે અને કબજો વાદીઓની પાસે હોઈ, વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે. સગવડતા અગવડતાની તુલા પણ વાદીની તરફેણમાં છે. જેથી, વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી મંજુર કરી માંગ્યા મુજબની દાદ આપવા દલીલ કરેલ છે.

**૧૦.૫.** પ્રતિવાદી તરફે આંક-૨૬ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા બાબતે વાદી તરફે ખુલાસો કરેલ છે, જે ધ્યાને લીધો તથા વાદી તરફે આંક-૨૮ થી દલીલ થયા બાદ લેખિત દલીલ તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજ રજુ કરેલ છે.

**૧૧.** પ્રતિવાદી નં.૩ થી ૩/૧ થી ૩/૩ ના વિ.વ.શ્રી એસ.આર.ભટ્ટ તરફે લંબાણ પુર્વકની મૌખિક દલીલ કરેલ છે. જે મુજબ ટુંકમા મહત્વની દલીલ એવી છે કે, દાવાવાળી જમીન બ્લોક/સર્વે નં.૧૬૧૭, ખાતા નં.૬૬૦, ક્ષેત્રફળ ૦-૪૬-૫૪, આકાર રૂા.૯.૫૬ જુની શરતવાળી જમીન બ્લોક/સર્વે નં.૭૮૨/૧/અ તથા ૭૮૨/૧/બ તથા ૭૮૨/૨ ના એકત્રીકરણ કર્યા બાદ નવા બ્લોક/સર્વે નં.૧૬૧૭ થી બનેલ છે. સદરહુ, ત્રણેય જમીનો પ્રતિવાદી નં.૩ એ થી સીના વડીલ ઝવરભાઈ અજુનભાઈના કાયદેસરના માલિકી હકક ભોગવટાની આવેલ હતી. સદરહુ, જમીન તેમના અવસાન બાદ વારસાઈ હકકેથી તેમના પુત્ર છોટાભાઈ તેમજ

નારણભાઈનાઓને પ્રાપ્ત થેલ અને તેમના અવસાન બાદ સદર જમીન વારસાઈ હકકેથી રેવન્યુ રેકર્ડના ૧૯૮૧ ના ફેરફાર નોંધ નં.૨૩૨૦ થી છોટાભાઈ ઝવરભાઈનુ તા.૧૪/૦૭/૧૯૪૧ ના રોજ અવસાન થતા તેમના દિકરા ડાહ્યાભાઈ છોટાભાઈનું નામ દાખલ અને તેમના અવસાના બાદ સને–૧૯૭૮ ના ફેરફાર નોંધ નં.૫૮૮૯ થી તેમજ ફેરફાર નોંધ નં.૧૬૭૫ ના કાયદેસરના વારસાઈ અધિકારથી પ્રાપ્ત થયેલ છે અને પ્રતિવાદી નં.૩/એ થી ૩/સી નાઓનુ નામ કાયદેસર માલિક હકક કબજેદારમાં દાખલ થયેલ છે અને પ્રતિવાદીઓનો કાયદેસરનો કબજો ભોગવટો આવેલ છે. પ્રતિવાદીઓ જમીનના મહેસુલ પણ ભરતા હોવા છતાં વાદીઓએ રેવન્યુ રેકર્ડ ઓથોરીટી તરફથી શરતચુકથી ફેરફાર નોંધ નં.૩૩૫૫ કે જે માત્ર સર્વે નં.૭૮૨/૧/અ વાળી જમીનમાં ભુલથી કે ભ્રષ્ટાચારથી પોતાની વારસાઈની નોંધ કરાવેલ છે. જેનો આધાર લેખ સદર દાવો દાખલ કરી, કાયદાનો દુરઉપયોગ કરી જમીન પચાવી પાડવાનો દાવો દાખલ કરેલ છે. જે તદ્દન ગેરકાયદેસર અને અશુધ્ધ ઈરાદા વાળા હોઈ, ખર્ચ સાથે રદ થવાને પાત્ર છે.

**૧૧.૧.** પ્રતિવાદી નં.૩ તરફે વધુમાં દલીલ કરવામાં આવેલ છે કે, વાદગ્રસ્ત જમીનમાં વાદીઓએ પોતાની વારસાઈ વાળી ફેરફાર નોંધ નં. ૨૩૪૧ અને ૨૫૩૨ ની નોંધો કયા અધિકારથી, પ્રતિવાદીની બ્લોક/સર્વે નં.૧૬૧૭ માં કરાવેલ છે, તેનો કોઈ રેવન્યુ રેકર્ડ ઉપરનો ઈતિહાસ કે આધાર પુરાવો મળતો નથી. પ્રતિવાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ ને ઘ્યાને લઈ વાદી દવારા રેવન્યુ રેકર્ડમાં થયેલ ક્ષતિ અથવા ભ્ર

ષ્ટાચારના કારણે પડેલ ફેરફાર નોંધ નં.૨૩૪૧ અને ૨૫૩૨ નો આધાર લઈ, ગેરકાયદેસરનો દાવો લઈ તથા કામચલાઉ મનાઈ હુકમની અરજી દાખલ કરેલ છે જે, ખર્ચ સાથે રદ કરવા અરજ, વિનંતી કરેલ છે.

૧૨. વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ વાંધા જવાબ વંચાણે લીધા, દલીલ ધ્યાને લીધી. રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજીની હકીકતો મુજબ દાવાવાળી જમીન મુળ બ્લોક/સર્વે નં.૭૮૨/૧/અ, ૭૮૨/૧/બ, ૭૮૨/૨ વાળી કુલ ક્ષેત્રફળ ૦–૪૬–૫૪ વાળી આવેલ છે, જે સર્વે નંબરોનુ એકત્રીકરણ કરી નવો સર્વે નં.૧૬૧૭ આપવામાં આવેલ. પ્રતિવાદી નં.૩ કે તેમના પુર્વજો દાવાવાળી જમીનના માલિક કે કબજેદાર ન હતા. જયારે, પ્રતિવાદી તરફે એવી તકરાર લેવામાં આવેલ છે કે, દાવાવાળી જમીનના મુળ માલિક જવરભાઈ અજુનભાઈની આવેલ હતી અને તેમના અવસાન બાદ તેમના પુત્ર છોટાભાઈ તેમજ નારણભાઈનાઓને પ્રાપ્ત થયેલ. છોટાભાઈ ઝવરભાઈ મરણ જતા તેમના દિકરા ડાહયાભાઈ છોટાભાઈનુ નામ દાખલ થયેલ. વાદીઓ કયારેય દાવાવાળી જમીનના માલિક કે કબજેદાર ન હતા. પરંતુ, દાવાવાળી જમીનમાં ફેરફાર નોંધ નં.૨૩૪૧ થી ૨૫૩૨ ની ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ છે. આમ, બંને પક્ષોના પક્ષ નિવેદનને ધ્યાને લેતા, વાદી તરફે દાવાવાળી જમીનમાં ફેરફાર નોંધ નં.૫૮૮૯ અને ૧૬૭૫ અયોગ્ય રીતે દાખલ કરવામાં આવેલ હોવાની તકરાર લેવામાં આવેલ છે. જયારે, પ્રતિવાદી નં.૩ તરફે દાવાવાળી જમીનમાં

ફેરફાર નોંધ નં.૨૩૪૧ તથા ૨૫૩૨ ની નોંધ ગેરકાયદેસર રીતે પાડવામાં આવેલ હોવાની તકરાર લીધેલ છે. રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવે તો, નિ.૩/૧ થી દાવાવાળા સર્વે નં.૧૬૧૭ ક્ષેત્રફળ ૦–૪૬–૫૪ વાળી જમીનના ગામના નમુના નં.૭ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. જેમા, હાલના વાદી તથા પ્રતિવાદી નં.૩ એ થી ૩ સી ના નામો જણાવેલ છે. નિ.૩/૨ થી ખાતા નં.૬૬૦ વાળી જમીનના ગામના નમુના નં.૮/અ ના ઉતારની નકલ રજુ કરેલ છે. તેમા પણ હાલના વાદી તથા પ્ર તિવાદી નં.૩ એ થી ૩ સી ના નામો જણાવેલ છે. નિ.૩/૩ થી સર્વે નં.૭૮૨/૧/અ વાળ જમીનના ગામના નમુના નં.૭/૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. જેમાં, જશોદાબેન ડાહ્યાભાઈની વિધવા, જનુભાઈ જાધવભાઈ, વિનુભાઈ જાધવભાઈ, ડાહ્યાભાઈ જાધવભાઈ, મહેન્દ્રભાઈ, મંજુલાબેન ડાહ્યાભાઈના નામો જણાવેલ છે. જયારે, બીજા હકકમાં ગીરો આપનાર તરીકે મગનભાઈ ભવાનીશંકર હરીપ્રસાદ શંકરલાલ અને રતીલાલ શંકરલાલ વિગેરેના નામો બીજા હકકમાં જણાવેલ છે. બ્લોક/સર્વે નં.૭૮૨/૧/અ વાળી જમીનમાં ગામના નમુના નં.૭/૧૨ ના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે. જેમાં, કબજેદાર તરીકે ઈચ્છાબેન નારણભાઈ, નટવરભાઈ નારાણભાઈ, ઈશ્વરભાઈ નારણભાઈ તથા અવાચ્ય નામો જણાવેલ છે. જયારે, બીજા હકકમાં ગીરો આપનાર હીસ્સા નં.૧ પ્રમાણેના નામો જણાવેલ છે. નિ.૩/૪ થી દાવાવાળી તકરારી જમીનના ગામના નમુના નં.૭/૧૨ ના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે. સર્વે નં.૧૬૧૭ વાળા ૭/૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. જેમાં, વાદીના

કથન મુજબ તેઓના વડવાઓ મગનભાઈ ભવાનીશંકર હરીપ્રસાદ શંકરલાલ અને રતીલાલ શંકરલાલનાઓના નામો કબજેદાર તરીકે જણાવેલ છે. જયારે, બીજા હકકમાં જશોદાબેન ડાહયાભાઈ છોટાભાઈની વિધવા તથા જનુભાઈ ડાહયાભાઈ, મનહરભાઈ ડાહયાભાઈ, મહેન્દ્રભાઈ ડાહયાભાઈના નામો જણાવેલ છે. જયારે, ખેડુત તરીકે જનુભાઈ ડાહયાભાઈનુ નામ જણાવેલ છે. નિ.૩/૫ થી ગામના નમુના નં.૬ મોજે પીપળાતા, હકકપત્રકની ફેરફાર નોંધ નં.૫૮૮૯ રજુ કરેલ છે. દાવાવાળા સર્વે નં.૭૮૨/૧/અ તથા અન્ય જમીનમાં જશોદાબેન ડાહયાભાઈ, જનુભાઈ ડાહયાભાઈ, હીનાબેન ડાહયાભાઈનાઓની વારસાઈ નોંધ સર્વે નં.૭૮૨/૧/અ વાળી જમીનમાં આવેલ છે. વાદી તરફે ખેતીની જમીનમાં ટુકડા થતા અટકાવવા તથા તેનુ એકત્રીકરણ બાબતના અધિનિયમ—૯ તથા (૭) અને (૪) ના નિયમોની નકલ રજુ કરેલ છે. જેમાં, ખાતા નં.૬૫૯ માં સર્વે નં.૭૮૨/૧/અ ૦—૨૪ ગુંઠા વાળી જમીન, ૭૮૨/૧/બ ૦—૩ ગુંઠા વાળી જમીન ૭૮૨/૨ ૦—૧૯ ગુંઠા વાળી જમીનનુ એકત્રીકરણ કરવામાં આવેલ. જેમાં, માલિકીના નામો, ગીરો આપનાર તરીકે મગનભાઈ ભવાનીશંકર હરીપ્રસાદ શંકરલાલ અને રતીલાલ શંકરલાલના નામો જણાવેલ છે. જયારે, ૭૮૨/૧/અ માં ગીરો રાખનાર ડાહયાભાઈ છોટાભાઈ, ૭૮૨/૧/બ માં ગીરો રાખનાર નારણભાઈ ઝવેરભાઈ ૭૮૨/૧/અ ના બીજા હકકમાં નારણભાઈ ઝવેરભાઈનુ નામ જણાવેલ છે. જયારે, નિ.૩/૨ થી ગામના નમુના નં.૮/અ, ખાતા નં.૬૬૦ ની નકલ રજુ કરેલ છે. જેમાં, નવા બ્લોક/સર્વે નં.૧૬૧૭ જણાવેલ છે. પરંતુ, નિ.૯ (૭)

અને (૪) ના નિયમોમાં ખાતા નં.૫૬૫૯ આપવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે નિ.૨૬/૧ થી ગામના નમુના નં.૬ ની ફેરફાર નોંધ નં.૨૩૨૦ રજુ કરેલ છે. જેમાં દાવાવાળા સર્વે નંબરમાં છોટાભાઈ ઝવેરભાઈના ગુજરી જવાથી તેમના પુત્ર ડાહ્યાભાઈ છોટાભાઈના નામની નોંધણી કરેલ છે. નિ.૨૬/૩ થી ફેરફાર નોંધ નં.૬૧૩૩ ની રજુ કરેલ છે. જેમાં, સને-૧૯૭૯ ની સાલમાં ડાહ્યાભાઈના દિકરા જનુભાઈ ધીરાણ લીધેલ તે અંગેની નોંધ કરવામાં આવેલ છે. ફેરફાર નોંધ નં.૧૪૫૨ થી સને-૨૦૦૧ માં વહેંચણી કરાર મુજબ નોંધ કર્યા અંગેની ફેરફાર નોંધ કરેલ છે. આમ, ઉપરોકત રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, રેવન્યુ રેકર્ડમાં ગીરો રાખનારનુ બીજા હકકમાં નોંધ કર્યા બાદ વારસાઈ નોંધ કરવામાં આવેલ છે. આમ, ઉપર મુજબના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ, સગવડતા અગવડતાની તુલા વાદીની તરફેણમાં હોવાનુ તથા નાણાંથી ભરપાઈ ન થાય તેવુ નુકશાન વાદીને થાય તેમ છે. જેથી, મુદ્દા નં.૧ થી ૩ હકારમાં ઠરાવી મુદ્દા નં.૪ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: <u>હુકમ</u> :-

- વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી મંજુર કરી, દાવાવાળી જમીન અંગે બંને પક્ષકારોએ રેવન્યુ રેકર્ડની સ્થિતીએ યથાવત પરીસ્થિતી દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

➢ ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ–૧૯ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તારીખ : ૧૯/૦૪/૨૦૨૨
સ્થળ : નડીઆદ

(સિરાજુદૃીન ગનીભાઈ મનસુરી)
જીજે–૦૦૬૦૩
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
નડીઆદ. જી. ખેડા